જિલ્લા પંચાયત કચેરી,શિક્ષણ શાખા,બોટાદ
A–૩ જિલ્લા પંચાયત ભવન,ખસ રોડ,બોટાદ
ફોન નં. ૦૨૮૪૯–૨૭૧૩૮૭ E-mail: dpeobotad@gmail.com

નં.ડીપી/શિ/મકમ/વશી/ ૩૨ /૨૦૨૨ તા.૦૪/૦૧/૨૦૨૨

વંચાણે લીધાઃ–
ગુજરાત સરકાર સામાન્ય વહીવટ વિભાગ સચિવાલય,ગાંધીનગર તા.૨૪/૧૧/૨૦૨૧ના જાહેરનામુ ભાગ–૧ જાહેર રજાઓ–૨૦૨૨

## પરિપત્ર

વિષય :– વર્ષ–૨૦૨૨ ના વર્ષે રજા તથા વેકેશન બાબત.

જિલ્લા શિક્ષણ સમિતી,જિલ્લા પંચાયત બોટાદ સંચાલીત પ્રાથમિક શાળાઓ તેમજ ખાનગી રજીસ્ટર પ્રા.શાળાઓ માટે સને ૨૦૨૨ ના વર્ષ દરમ્યાન નીચેના દિવસોએ જાહેર રજા તથા વેકેશન રાખવાનું જાહેર કરવામાં આવે છે.

| ક્રમ | તારીખ | વાર | રજાનું નામ | રિમાર્કસ |
|---|---|---|---|---|
| 1 | 14/01/2022 | શુક્રવાર | મકરસંક્રાતિ | * |
| 2 | 26/01/2022 | બુધવાર | પ્રજાસતાક દિન | * |
| 3 | 05/02/2022 | શનિવાર | વસંત પંચમી | |
| 4 | 01/03/2022 | મંગળવાર | મહા શિવરાત્રી | * |
| 5 | 17/03/202 | ગુરૂવાર | હોળી | |
| 6 | 18/03/202 | શુક્રવાર | ધૂળેટી | * |
| 7 | 02/04/2022 | શનિવાર | ચેટીચાંદ | * |
| 8 | 14/04/2022 | ગુરૂવાર | ડો.બાબા સાહેબ આંબેડકર જન્મદિન | * |
| 9 | 15/04/2022 | શુક્રવાર | ગુડ ફ્રાઈડે | * |
| 10 | 03/05/2022 | મંગળવાર | ભગવાનશ્રી પરશુરામ જયંતી/રમજાન ઈદ | * |
| 11 | 01/07/2022 | શુક્રવાર | રથયાત્રા(અષાઢી બીજ) | |
| 12 | 11/07/2022 | સોમવાર | ગૌરીવ્રત | |
| 13 | 13/07/2022 | બુધવાર | ગુરૂ પૂર્ણિમા | |
| 14 | 09/08/2022 | મંગળવાર | મહોરમ | * |
| 15 | 11/08/2022 | ગુરૂવાર | રક્ષાબંધન | * |
| 16 | 15/08/2022 | સોમવાર | સ્વતંત્ર્ય દિન | * |
| 17 | 16/08/2022 | મંગળવાર | પારસી નૂતન વર્ષ દિન (પતેતી) | * |
| 18 | 17/08/2022 | બુધવાર | રાંધણછઠ્ઠ | |
| 19 | 18/08/2022 | ગુરૂવાર | શીતળા સાતમ | |
| 20 | 19/08/2022 | શુક્રવાર | જન્માષ્ટમી | * |
| 21 | 20/08/2022 | શનિવાર | નંદ ઉત્સવ(જન્માષ્ટમી પછીનોદિવસ ) પારણાનોમ | |
| 22 | 31/08/2022 | બુધવાર | સંવત્સરી/ગણેશ ચતુર્થી | * |
| 23 | 03/10/2022 | સોમવાર | દુર્ગાષ્ટમી | |
| 24 | 05/10/2022 | બુધવાર | દશેરા | * |

નોંધ :– ૧.(*) ફુદડીની નિશાનીવાળી રજાઓ સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના જાહેરનામાં મુજબ સરકારે જાહેર કરેલ રજા સુચવે છે તેમજ તે દિવસે કચેરીમાં રજા રહેશે.

૨. ઉકત જાહેર રજા ઉપરાંત સને–૨૦૨૨ના વર્ષની ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના જાહેરનામાં ક્રમાંક ગસ/૨૦/૨૦૨૧/જસર/૧૦૨૦૨૧/૪૩૧/ઘ તા.૨૪/૧૧/૨૦૨૧ મુજબ કર્મચારી માટે જાહેર કરેલ મરજીયાત રજાઓમાંથી વર્ષ દરમિયાન કોઈ પણ ૨ (બે) મરજીયાત રજા પાંચ દિવસ અગાઉ શાળાના આચાર્યશ્રી પાસે મંજુર કરાવ્યા બાદ ભોગવી શકાશે.

૩. જાહેર કરવામાં આવેલ રજાઓ પૈકી મુસ્લીમ કર્મચારીશ્રીઓના કોઈપણ તહેવાર ખરેખર જે દિવસે ઉજવાય તે દિવસે આવા કર્મચારી– વિધાર્થીઓને મરજીયાત રજા આપી શકાશે.

૪.ઉપરોકત જાહેર કરેલ રજાઓ ઉપરાંત ગુજરાત સરકારશ્રી તરફથી વર્ષ દરમિયાન આકસ્મિક રજાઓ જાહેર કરવામાં આવે તેવી રજાઓ તમામ શાળાએ પાડવાની રહેશે.

૫.ઉનાળુ વેકેશન તથા દિવાળી વેકેશનની તારીખ સરકારશ્રી તરફથી જાહેર થયે અલગથી જણાવવામાં આવશે.

૬.દરેક શાળાના શિક્ષકોએ સી.એલ.રજા તથા મરજીયાત રજા ભોગવવા માટે શાળાના મહેકમને ધ્યાનમાં રાખી એક જ દિવસે ૧/૩ થી વધુ શિક્ષકોની રજા મંજુર નહી કરવા દરેક આચાર્યશ્રીને સુચના આપવામાં આવે છે આવી બાબત ધ્યાન ઉપર આવશે તો તે માટે જે તે શાળાના આચાર્યશ્રી જવાબદાર રહેશે.તેમજ કોઈ પણ પ્રકારની રજા અગાઉથી રિપોર્ટ આપી ને જ ભોગવાની રહેશે.

૭.દરેક શાળાએ શાળા સમય તથા વિશ્રાંતિનો સમય નોટીસ બોર્ડ ઉપર અવશ્ય દર્શાવવાનો રહેશે.

૮.બોટાદ જિલ્લાની પ્રા.શાળાના આચાર્યશ્રીઓ અત્રેની કચેરી સાથે કોઈ પણ જાતનો સીધો પત્ર વ્યવહાર કરવો નહી.પરંતુ પે–સેન્ટર,તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી મારફતે પત્ર વ્યવહાર કરવા સુચના આપવામાં આવે છે.પત્ર વ્યવહાર વખતે જાવક નંબર અને તારીખ અવશ્ય લખવા.

(ધારા પટેલ)
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા શિક્ષણ સમિતિ– બોટાદ

(શ્રીમતી દયાબેન નરશીભાઈ અણીયાળીયા)
ચેરપર્સન
જિલ્લા શિક્ષણ સમિતિ– બોટાદ

પ્રતિ,
આચાર્યશ્રી પ્રાથમિક શાળા તમામ (માન્ય ખાનગી પ્રાથમિક શાળા સહિત)જિ.બોટાદ...અમલવારી કરવા સારૂ

<u>નકલ સવિનય રવાના :–</u>
(૧)માન.કલેકટર સાહેબશ્રી બોટાદ..
(૨)માન.જિલ્લા વિકાસ અધિકારી સાહેબશ્રી બોટાદ..

<u>નકલ જયભારત સાથ રવાના :–</u>
(૧) નાયબ કલેકટરશ્રી(મ.ભો.યો.) બોટાદ..
(૨) પ્રાંત અધિકારીશ્રી,બોટાદ/બરવાળા..
(૩) પ્રાચાર્યશ્રી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભાવનગર
(૪) જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટરશ્રી એસ.એસ.એ.કચેરી,જિ.પં.બોટાદ
(૫) સદસ્યશ્રીઓ,તમામ જિલ્લા શિક્ષણ સમિતી બોટાદ

<u>નકલ રવાના :–</u>
(૧) મામલતદારશ્રી તમામ જિ.બોટાદ
(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી તમામ જિ.બોટાદ
(૩) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ જિ.બોટાદ
(૪) બી.આર.સી.કો–ઓર્ડિ.શ્રી/ સી.આર.સી.કો–ઓર્ડિ.શ્રી તમામ જિ.બોટાદ
(૫) પ્રમુખશ્રી તથા મંત્રીશ્રી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ બોટાદ/ પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ–બોટાદ